જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૮/૦૧/૨૦૧૬ સોમવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૭/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૪ કેસ કરી ૨૪ વ્યક્તિઓને ઝડપી ૬૭ લીટર દેશી દારૂ, ૫૫૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૧૯ ઈંગ્લીશ ક્વાર્ટર દારૂ, ૧૪૬૪૪ બિયર ટીન અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૪ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૪,૫૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૮/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૧૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૨૯/૧૬**

**ક્રાઇમ બ્રાન્ચઃ** રામભદ્ર પલટુરામ ગુપ્તા (રહે. પાર્ક એવન્યુ ન્યુ સી.જી.રોડ ચાંદખેડા) એ તા.૧૭/૧/૧૬ નારોજ ક્રાઇમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે આજથી આઠેક માસ પહેલા આરોપી (૧) માયારામ નટરાજન ઐયર (૨) વિધ્યા ઐયર (૩) ઉમા ઐયર (૪) સંધ્યા ઐયર (તમામ રહે. અભિલેખવિલા, વુદાવન ફાર્મ પાસે, થલતેજ શીલજ રોડ, અમદાવાદ) (૫) પીટર ઉર્ફે રમેશ ક્રિશ્ચન (૬) વિભાકર બ્રહ્મભટ્ટ (૭) અનીલ વૈષ્ણવ (રહે.કાલી કલ્યાણ ધામ વલાદ તાલુકો જીલ્લો ગાંધીનગર) એ ભેગા મળી રામભદ્ર ગુપ્તા અને સાહેદો સાથે છેતરપીંડી કરવાના ઇરાદે કાવતરુ રચી ખોટા દસ્તાવેજો તૈયાર કરી આ દસ્તાવેજો આવ્યા હોવાનુ જણાવી કુલ રુપિયા ૪૩,૫૦,૦૦૦/- છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.એસ.ગેડમ ચલાવે છે.

**અપહરણની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૩૦/૧૬**

**વટવાઃ** ફીઝાબાનુ મહમદઆરીફ શેખ (ઉ.વ.૧૪)(રહે.સદભાવનાનગર ચાર માળીયા વટવા) ને તા.૧૫/૧/૧૬ રાતના ૧/૦૦ થી કલાક ૩/૦૦ વાગ્યા દરમ્યાન ઘર નજીક રહેતો આરોપી ગુલઝાર હસનઅલી સૈયદ લગ્ન કરવાની લલચ આપી ઘર નજીકથી લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ ફીઝાબાનુના પિતા મહમદઆરીફ શેખે તા.૧૭/૧/૧૬ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી પી બી રાણા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>ઘરફોડઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૩૧/૧૬</u>**

**સોલા હાઈકોર્ટઃ** પીલ્લનપન કરૂપિયા (રહે.સફલ વીવાન ફેસ-૨ મનન ઓટો લીંક પાસે એસ.જી.હાઈવે ગોતા) એ તા.૧૭/૧/૧૬ નારોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૧/૧૬ રાતના ૧૦/૩૦ થી તા.૧૭/૧/૧૬ સવારના ૬/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૩,૦૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧૫,૦૦૦/- મળી કુલ કિમત રૂપિયા ૩,૧૫,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ આર મેઘાણી ચલાવે છે.

**<u>દાઝી જતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૩૨/૧૬</u>**

**ગાયકવાડઃ** રેહાના રહીમભાઈ પીપાડવાલા (ઉ.વ.૨૯) (રહે.ભોયવાડાની પોળ અહેમદખાન મસ્જીદ જમાલપુર) તા.૧૭/૦૧/૧૬ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે દાઝી ગયા હતા. સારવાર માટે વા.સા.હોસ્પીટલમાં લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે ગાયકવાડ હવેલી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એસ ડી કલારા ચલાવે છે.

**<u>છત ઉપરથી પડી જતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૩૩/૧૬</u>**

**શહેરકોટડાઃ** વિમલાબહેન કિશોરભાઈ વણજારા (ઉ.વ.૨૦) (રહે.અનિલ વકીલની ચાલી મેમ્કો) તા.૧૪/૦૧/૧૬ સાંજના ૭/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરના છાપરાં ઉપર પતંગ ચગાવતા હતા ત્યારે પડી જતા માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તા.૧૭/૧/૧૬ કલાક ૩/૪૦ વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નરેન્દ્રસિહ રતનસિહ ચલાવે છે.

**વોક-વે પર પડી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૩૪/૧૬**

**રિવરફ્રંટ વેસ્ટઃ** મોહમદજુનેદ ઈકરામુદીન સલાટ (ઉ.વ.૨૨)(રહે.રોસ ફ્લેટ બહાઈ સેન્ટર શાહપુર) તા.૧૬/૦૧/૧૬ રાતના ૧૦/૩૦ વાગ્યા પહેલા સાબરમતી રીવરફ્રંટના પુર્વ છેડે ગુજરી બજાર વોક-વેપર બેઠા હતા ત્યારે પગ લપસી જતા વોક-વે પર પડી જતા ગંભીર ઈજાઓ થતા વા.સા.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી,આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી ડી જી ડાભી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)